RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૦ તા.૧૫–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા. ૧૪–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના સેન્ટ્રલઝોનના આસી.આરોગ્ય અધિકારી તરફથી મને જરી હેન્ડીકાફટ ઉદ્યોગ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેવો પત્ર (સર્ટીફીકેટ) તા. ૪–૧૦–૧૯૮૫ વાળો મને આપવામાં આવેલ છે તે પત્ર સુ.મ.ન.પા.એ કઈ સંસ્થા પાસેથી મેળવેલ છે તેમજ એ સંસ્થામાં આ પત્ર મેળવવા માટે કઈ તારીખે સુ.મ.ન.પા.તરફથી અરજી કરવામાં આવી તેમજ આ સંસ્થાએ કઈ તારીખે સુ.મ.ન.પા.ને પત્ર મોકલાવ્યો તે તમામ અરજીની સર્ટીફાઈડ કોપી ફાળવવી તેમજ માહિતી આપવી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૦/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન.દેસાઈની તા. ૧૪–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના સેન્ટ્રલઝોનના આસી.આરોગ્ય અધિકારી તરફથી મને જરી હેન્ડીકાફટ ઉદ્યોગ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેવો પત્ર(સર્ટીફીકેટ)તા.૪–૧૦–૧૯૮૫ વાળો મને આપવામાં આવેલ છે તે પત્ર સુ.મ.ન.પા.એ કઈ સંસ્થા પાસેથી મેળવેલ છે તેમજ એ સંસ્થામાં આ પત્ર મેળવવા માટે કઈ તારીખે સુ.મ.ન.પા.તરફથી અરજી કરવામાં આવી તેમજ આ સંસ્થાએ કઈ તારીખે સુ.મ.ન.પા.ને પત્ર મોકલાવ્યો તે તમામ અરજીની સર્ટીફાઈડ કોપી ફાળવવી તેમજ માહિતી આપવી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વિશેષતઃ અરજદારને આપેલ નકલ કયા માધ્યમ–સંદર્ભ સ્ત્રોતથી આપેલ તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૭ તા.૨૧–૧૨–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ પણ નારાજગીના કિસ્સામાં આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૧૯૩૬ તા.૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તથા હેન્ડી કાફટ (ભારત સરકાર) ધ્વારા જરી ઉદ્યોગ તરીકે માન્યતા મળેલ તેની તા.૪–૧૦–૮૫ ના પ્રમાણપત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૪૯ તા.૫–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૬–૧૨–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૪–૧૧–૧૧ ની અરજીથી જરી હેન્ડીકાફટ ઉદ્યોગ તરીકે પ્રમાણપત્રની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. મુદ્દા નં. (૧ ) સુ.મ.ન.પા.ના સેન્ટ્રલઝોનના આસી.આરોગ્ય અધિકારી તરફથી મને જરી હેન્ડીકાફટ ઉદ્યોગ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેવો પત્ર (સર્ટીફીકેટ)તા.૪–૧૦–૧૯૮૫ વાળો મને આપવામાં આવેલ છે તે પત્ર સુ.મ.ન.પા.એ કઈ સંસ્થા પાસેથી મેળવેલ છે તેમજ એ સંસ્થામાં આ પત્ર મેળવવા માટે કઈ તારીખે સુ.મ.ન.પા.તરફથી અરજી કરવામાં આવી તેમજ આ સંસ્થાએ કઈ તારીખે સુ.મ.ન.પા.ને પત્ર મોકલાવ્યો તે તમામ અરજીની સર્ટીફાઈડ કોપી ફાળવવી તેમજ માહિતી આપવી. મુદ્દા નં.(૨) સુમપાના સેન્ટ્રલઝોનના આસી. આરોગ્ય અધિકારી તરફથી મને જરી લાઈટ હોમવર્કસ ઉદ્યોગ

તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેવો પત્ર મને આપવામાં આવેલ છે તે પત્ર સુમપાએ કઈ સંસ્થા પાસેથી મેળવેલ છે તેમજ એ સંસ્થામાં આ પત્ર મેળવવા માટે કઈ તારીખે સુમનપા તરફથી અરજી કરવામાં આવી. તેમજ આ સંસ્થાએ કઈ તારીખે સુમનપાને પત્ર મોકલાવ્યો તે તમામ અરજીની સર્ટીફાઈડ કોપી ફાળવવી તેમજ માહિતી આપવી. જે બાબતે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૪૯ તા.૫–૧૨–૧૧ થી " સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી" તેવું સમય મર્યાદામાં જણાવેલ છે. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં માંગેલ માહિતી જેની સાથે સુમપાના સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારી અજીત ભટ્ટ તરફથી તેમની સહી વાળો પત્ર મળેલ તે પત્રના અનુસંધાનમાંજ માહિતી માંગેલ તેમ છતાં રેકર્ડ ઉપર નથી તે વાત કેવી રીતે માનવામાં આવે. સેન્ટ્રલઝોનના નાયબ અધિકારીએ નકલ ઉપર સહી સીકકા પણ કરેલ છે. મતલબ કે આ નકલ સુમપા પાસે ઉપલબ્ધ હોય તો જ કોઈ પણ વ્યકિત તે નકલ આપી શકે. આમ મને મળેલી માહિતી ખોટી આપવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. અરજદારે જે રજૂઆત કરેલ છે તે આપેલ પ્રમાણપત્રની ખરી નકલ કરનાર અધિકારીની વિગતો જણાવેલ છે. જે નકલ અરજદારને આપવામાં આવેલ છે જે અરજદારને મળેલ છે તેવું અરજદારે તેમના પૂરક વિગતના પત્રમાં પણ જણાવેલ છે. આથી અરજદારે પ્રમાણપત્રની નકલ નહી પરંતુ તેમને આપેલ સદર પત્ર બાબતે કયા વિભાગ કે સંસ્થા તરફથી આપવામાં આવેલ છે તેની વિગતો અંગેના આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારે આવા પત્રનો સ્ત્રોત જાહેર માહિતી અધિકારીના દફતરે હોવાની ધારણા કરેલ છે. જે અંગે પ્રમાણપત્ર અંગેની લાગત ફાઈલની અરજદાર તપાસણી કરી શકે છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરે ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને લાગત દફતરી ફાઈલની તપાસણી મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ દિન–૭ માં તપાસણી પૂરી પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,